મુંબઈ સમાચાર

16-August-2018

# બચપન મેં પચપન કા એહસાસ - અનંત મામતોરા



સામાન્ય રીતે ૧૫ વર્ષના વિદ્યાર્થી એસ.એસ.સી પાસ કરતાં હોય છે, પણ ઘણા એવા કુદરતી બક્ષિસ ધરાવતા જિનિયસ હોય છે જે બહુ નાની ઉંમરમાં મોટી સિદ્ધિ હાંસલ કરતા હોય છે. એક એવા પ્રકારના લોકો હોય જે એક ધોરણ પાસ કરવામાં બે-ત્રણ વર્ષ કાઢી નાખતા હોય છે, બીજી બાજુ કુશાગ્ર બુદ્ધિ ધરાવનારા બાળકો એક જ વર્ષમાં બે-ત્રણ ધોરણ ભણીને પાસ થઇ જતાં હોય છે. અલબત્ત બહુ ઓછા લોકો આવા પ્રતિભાશાળી હોય છે, પણ એમાં મૂળ ભારતીય એવા અમેરિકનનું નામ આવે તો ભારતવાસી તરીકે આપણી છાતી ગજ ગજ ફૂલે એમાં શંકાને સ્થાન નથી.

તનીષ્ક અબ્રાહમ હજી ટીનએજમાં પણ ન હતો પ્રવેશ્યો એટલે કે માંડ ૧૧ વર્ષનો હતો ત્યારે તો અમેરિકામાં ગ્રેજ્યુએટ બની ગયો હતો. અને આ જૂન

મહિનામાં જ ૧૫ વર્ષની ઉંમરે એ વધુ એક કમાલ દેખાડીને બાયોમેડિકલ એન્જિનિયર બની ગયો છે.

૧૭મી જૂન, જે દિવસ વિશ્ર્વમાં ફાધર્સ ડે તરીકે ઉજવાય છે, એ જ દિવસે તેને એન્જિનિયરની ડિગ્રી મળી. તનીષ્કની માતા તાજી અબ્રાહમ જે ભારતના કેરળ રાજ્યથી અમેરકા જઇ વસ્યા છે એ હર્ષથી જણાવે છે કે આ દિવસે મળેલી ડિગ્રી બે પિતા માટે ફાધર્સ ડેની ગિફ્ટ હતી. એક તો તેના પિતા માટે અને બીજી મારા પિતા માટે. તાજી પોતે પશુઓની ડૉકટર છે. અને તેના પતિ - તનીષ્કના પિતા બીજોઉ સોફ્ટવેર એન્જિનિયર છે. આમ તો એમના કુટુંબમાં ઉચ્ચ ભણતર તો જાણે વારસામાં જ ઉતરી આવ્યું છે. તનીષ્કના નાના-નાની ઉર્ફે તાજી અબ્રાહમના માતા-પિતા પણ નિવૃત્ત પશુ ચિકિત્સક છે જેઓ એમના સમયમાં ડૉકટર તો બન્યા જ હતા, સાથે પીએચ.ડી પણ કરી હતી.

તાજી કહે છે કે અમે ખુશ છીએ કે મારા નિવૃત્ત માતા-પિતા બેઉ હ્રદયરોગના દર્દી છે તેઓ તેમના દોહિત્રને એંજિનિયર બનતો જોઇ શક્યા.

તનીષ્ક, જે હવે આ જ ક્ષેત્રે પીએચ.ડી કરવાનો છે તેનામાં બાળપણથી જ અસાધારણ બુધ્ધિ પ્રતિભા હતી. કે.જી.માં દાખલ થયો ત્યારે પણ તેના સાથીઓ કરતાં તે ભણવામાં ઘણો આગળ હતો. માત્ર બે વર્ષની ઉંમરે તો એ બાળકોના પુસ્તકો-વાર્તાઓ વાંચતો-સાંભળતો થઇ ગયો હતો અને એ પુસ્તકોમાં રહેલુ વર્ણન આબેહૂબ કહી સંભળાવતો. એટલું જ નહીં, આ ઉંમરે એ ઘડિયાળ જોઇને સમય કહેતાં પણ શીખી ગયો હતો. ચાર વર્ષની ઉંમરે મેન્સા નામની એક સંસ્થાનો સભ્ય બની ગયો હતો. આ સંસ્થા પોતે એકદમ ઊંચા ધોરણે બાળકોની પ્રતિભાની પરીક્ષા (આઇ .ક્યૂ. ટેસ્ટ) લેતી હોય છે. મેન્સામાં જોડાવા માટે આ પરીક્ષામાં ઓછામાં ઓછા ૯૮ ટકા માર્ક્સ લાવવા જરૂરી હોય છે. એનાથી એક માર્ક પણ ઓછો હોય તો પ્રવેશ મળતો નથી. જોકે, આપણા આ તનિષ્ક મહાશયને તો ૯૯.૯ ટકા માર્ક્સ મળ્યા હતાં. (એની બહેન ટિઆરા પણ ખૂબ હોંશિયાર છે. એને ૯૯ ટકા માર્ક્સ મળ્યા હતાં.)

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી આવી કુદરતી પ્રતિભા ધરાવનારાઓ માટે સ્પેશિયલ શૈક્ષણિક કાર્યક્રમ ચલાવે છે જે તેના અંતર્ગત ગણિતનો કોર્સ આપણા આ તનિષ્કભાઇએ તો છ મહિના કરતાંય ઓછા સમયમાં પૂરો કરી નાખ્યો હતો. નવાઇની વાત તો એ છે કે આ સમયે તનિષ્કની ઉંમર હતી માત્ર

પાંચ વર્ષ. ત્યાર બાદ તો અમેરિકન રિવર કોમ્યુનિટિ કૉલેજે તેને દાખલ કરી દીધો અને ૬ વર્ષની ઉંમરે તો આ ભાઇ તો ઓનલાઇન હાઇસ્કુલ અને કૉલેજ સ્તરના ધોરણો એક સાથે ભણવા લાગ્યા અને એ પણ રસાયણ શાસ્ત્ર, જીવશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્ર જેવા ભારેખમ વિજ્ઞાનના વિષયો સાથે. સાત વર્ષની ઉંમરે તો આ ભાઇએ જિયોલોજી (ભૂસ્તરશાસ્ત્ર) અને એસ્ટ્રોનોમી (ખગોળશાસ્ત્ર)નો કોર્સ પૂરો કરી લીધો. એટલુ જ નહી, બેઉ વિષય પર ટોપર રહ્યો( પ્રથમ ક્રમાંકે રહ્યો).

કોઇ બાળક જ્યારે શિક્ષણ ક્ષેત્રે આવી હરણફાળ (હરણ કરતાંય કોઇ ઝડપી અર્થ ધરાવતો શબ્દ હોય તો તમે વાપરી શકો છો) ભરે ત્યારે લોકોમાં ચર્ચા થવા લાગે એ સ્વાભાવિક છે. આ છોકરો બાળપણનો કુદરતી આનંદ માણતો હશે કે નહિ? શું તે દિવસ રાત અભ્યાસ જ કરતો રહેતો હશે? શું તે પુસ્તકીયો કીડો બની રહેતો હશે? ભણવા સિવાયની પ્રવૃત્તિ કરતો હશે કે નહીં? રમતગમતમાં ભાગ લેતો હશે કે નહીં? આવા બધા પ્રશ્ર્નોનો જવાબ આપતાં તનિષ્કની મમ્મી તાજી અબ્રાહમ કહે છે કે તનિષ્ક અને તેની બહેન ટિઆરા ભણવા સમયે ભણે પણ છે. રમવા સમયે રમે પણ છે. બેઉ જણ તરતાં શીખ્યા અને સર્ટિફિકેટ્સ પણ મેળવ્યા છે. આ ઉપરાંત ફૂટબોલ, ટેનિસ અને પિન્ગપોગ જેવી રમતોમાં ભાગ પણ લે છે. એટલું જ નહીં, તેઓ ફિલ્મો જોવાનો આનંદ પણ માણે છે. માત્ર હોલીવુડની જ ફિલ્મો નહીં, બોલીવુડની ફિલ્મોનો પણ એટલી જ જુએ છે. આઇ.એમ.ડી.બી. ( ઇન્ટરનેટ મુવી ડેટાબેસ -હાલમાં એમેઝોનને આધીન એવી સંસ્થા જે ફિલ્મો, કલાકારો અને વીડિયો ગેમ્સ વિશે લેટેસ્ટ જાણકારી એકત્ર કરીને ઇન્ટરનેટના માધ્યમથી ઉપભોક્તા સુધી પહોંચાડે છે)નો ઉપયોગ કરીને પૂરા ફિલ્મ અને વીડિયો ઉદ્યોગની જાણકારી રાખે છે.

જોકે, એક વાતનો એકરાર કરતાં તનિષ્કના મમ્મી કહે છે,‘હાલમાં અમેરિકાની ડેવીસ ખાતે આવેલી યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં એમ.ડી કરી રહ્યો છે ત્યારે તેના સૂવાના અને આરામના સમયમાં ઘણો ઘટાડો થયો છે. એક માબાપ તરીકે અમે એવુ ઇચ્છીએ કે તેણે નવ-દસ કલાકની ઉંઘ તો લેવી જ જોઇએ, પણ આ વર્ષ ખરેખર તેના માટે મહત્ત્વનું છે. ક્યારેક તો કૉલેજ કેમ્પસમાં જ ડિઝાઇન પ્રોજેક્ટ પર કામ કરતાં કરતાં રાતના અગિયાર વાગી જાય છે. છેલ્લા કેટલાક મહિનાથી એની ઉંઘ ઘટીને પ્રતિદિન ત્રણથી ચાર

કલાકની થઇ ગઇ છે. આ બાબત મને જરા ખટકે છે, બાકી તો એ એની લાઇફ એ મસ્તીથી જીવી રહ્યો છે. ૨૨ વર્ષના વિદ્યાર્થીઓ સાથે ભણી રહેલો ૧૫ વર્ષનો તનિષ્ક આગલા ચાર વર્ષમાં તો તેનો એમ.ડીનો અભ્યાસ પૂરો કરી લેશે. પણ તેનો આખરી હેતુ તો કંઇક હટીને જ છે. આ ભાઇને મોટા થઇને જાહેર જીવનમાં ઝંપલાવવાની ઘણી ઇચ્છા છે. હજી તો મત આપવાનો અધિકાર પણ નહી મળ્યો હોઇ એવા આ નાનકડા તનિષ્કના સપના તો રાજકીય ક્ષેત્રે મસમોટા છે. તનિષ્કને મોટા થઇને શું બનવું છે, ખબર છે? અમેરિકાના પ્રેસિડેન્ટ. એનાથી ઓછુ કશુંય ખપે નહીં.

નાનપણથી જ ઉચ્ચ સ્તરીય શિક્ષણ સમયથી વહેલા પાર પાડતા તનિષ્કના નિશાન ઊંચા છે અને આવા નિશાન એ ચૂકતો પણ નથી એ જોતાં એ ભવિષ્યમાં યુ.એસ.એ નો પ્રમુખ બની જાય તો એની બુધ્ધિ પ્રતિભા જોતાં આપણને નવાઇ લાગવી જોઇએ નહીં. બેસ્ટ ઓફ લક, તનિષ્ક.